# સ્કૂલ ઓફ અચિવર આયોજિત 'એચિવર નવરાત્રિ ઉત્સવ'માં શાળા પરિવારના સૌ ખેલૈયાઓ મન મૂકીને ગરબે ઘૂમ્યા





ગાંધીનગર, તા. ૨૦

પાટનગર ગાંધીનગરની અગ્રગણ્ય સંસ્થા 'સ્કૂલ ઓફ એચિવર-કુડાસણ' દ્વારા નવરાત્રિ પર્વના છઠ્ઠા નોરતે 'રંગે-સંગે-ઉમંગે, અચિવર નવરાત્રિ ઉત્સવ-૨૦૧૫' તા.૧૮ ઑક્ટોબરને રવિવારે, સાંજે ૫:૩૦ થી ૭:૪૫ દરમિયાન, કલ્ચરલ ફોરમના વિશાળ ગરબા ગ્રાઉન્ડ ખાતે, શાળાના બંને મીડિયમના તમામ વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ તથા પરિવાર, શાળા પરિવાર, ટ્રસ્ટીગણ સપરિવાર તથા આમંત્રિતો સાથેની ૯ હજાર કરતાં પણ વધુ સંખ્યામાં ભારે ભક્તિભાવ સાથે હર્ષોલ્લાસપૂર્વક અને શિસ્તબધ્ધ રીતે યોજાઈ ગયો. પ્રારંભે, સૌ પરિજન સાંજે સમયસર ૬:૦૦ વાગ્યે મા આદ્યશક્તિની આરતીમાં ભક્તિભાવપૂર્વક જોડાયા હતા. ત્યારબાદ સ્કૂલ ઓફ અચિવરના વિદ્યાર્થી, વાલી અને શિક્ષકગણ ખેલૈયાઓ સમૂહમાં તથા પોતપોતાના જૂથમાં નવરાત્રિના વિશાળ પાર્ટીપ્લોટમાં મન મૂકીને ગરબે ઘૂમ્યા હતા.

રાજ્યના જાણીતા અમિત ઠક્કર અને દિપ્તિ દેસાઈ ઓરકેસ્ટ્રાના ગાયક કલાકારો, વાદ્ય કલાકારોએ સળંગ બે કલાક સુધી, નોનસ્ટોપ વિવિધ જાણીતા ગરબાઓ સુંદર મધુર ઢાળમાં ગવડાવી, રાસ-ગરબાની રમઝટ સાથે તરબોળ કરી દીધા હતા. શાળાના વિદ્યાર્થીઓ, વાલીગણ, શિક્ષકો તથા આમંત્રિતો, સૌ ખેલૈયાઓ ભાતીગળ વસ્ત્રોમાં અને કલાત્મક આભૂષણોમાં સજ્જ થઈ ભારે ઉત્સાહ અને ઉમંગથી અવનવી, અનોખી સ્ટાઈલમાં અને લયબધ્ધ સ્ટેપ સાથે ગરબે ઝૂમી રહ્યા હતા. ગ્રાઉન્ડ ખાતે એલઈડીના વિશાળ સ્ક્રીન પર ગરબાઓનું જીવંત પ્રસારણ સૌના માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું હતું અને આ નવરાત્રિ મહોત્સવ સૌ માટે ચિરસ્મરણીય બની રહ્યો હતો.

અંતે, સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી પ્રજ્ઞેશભાઈ પટેલે આ ગરબા ઉત્સવમાં ઉપસ્થિત સૌ વાલીમિત્રો, વિદ્યાર્થીઓ, આમંત્રિતો સહિત આ મહોત્સવ સાથે સંકળાયેલા આયોજકો, કલ્ચરલ ફોરમના સભ્યો અને સ્વયંસેવકો તથા અમિત ઠક્કર અને દિપ્તિ દેસાઈ ઓરકેસ્ટ્રાના કલાકારોનો સુંદર સહયોગ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. 'ઉત્સવ'ની શરૂઆત અને સમાપન વખતે સમયની પાબંદી તથા સમગ્ર કાર્યક્રમ દરમ્યાન અનુશાસનના નિર્વાહની સૌએ નોંધ લીધી હતી.

# એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સેકન્ડરી-હા.સે. સ્કૂલ ખાતે નવરાત્રી પર્વની ઉજવણી



(તસવીર : કશ્યપ નિમાવત)





ગાંધીનગર, તા. ૨૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ, સેક્ટર-૨૩ દ્વારા નવરાત્રી પર્વ નિમિત્તે ગરબા કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે વિદ્યાર્થીઓ સાથે શિક્ષકો તો ગરબા રમ્યા જ હતા, પરંતુ શિક્ષકોના પરિવારજનોને પણ આ કાર્યક્રમમાં ગરબા રમવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. આમ, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શિક્ષકોના પરિવારજનોએ સાથે મળીને એક સુંદર માહોલનું સર્જન શાળાના પ્રાંગણમાં કર્યું હતું.

કાર્યક્રમના અંત ભાગમાં ન માત્ર વિજેતા વિદ્યાર્થીઓ પરંતુ વિજેતા શિક્ષકો અને તેમના પરિવારજનોને પણ ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સેકન્ડરી અને હાયર સેકન્ડરી કેટેગરી વિભાગમાં બેસ્ટ પ્રિન્સ કેટેગરીમાં દિવ્યા ઓઝા, મૌનિલ ઓઝા, પ્રિન્સેસ તરીકે હિમાંશી ઉદેદા, નૈસર્ગી, બેસ્ટ ડ્રેસ-ફિમેલમાં રિયા નિમાવત, રિયા હલદાની, બેસ્ટ ડ્રેસ-મેલમાં શ્રીરંગ, સ્વપ્નિલ પરીખ, બેસ્ટ પેરમાં આયુષી પટેલ-જ્હાન્વી પાઠક, પ્રાચી પુરોહિત-ક્ષમા શાહ વિજેતા બન્યાં હતાં.

શિક્ષક વિભાગમાં બેસ્ટ ડ્રેસ મેલ રાજ સર, પરફોર્મન્સમાં રાજેન્દ્ર જેઠાવત તથા બેસ્ટ ડ્રેસ ફિમેલમાં નમિતા પટેલ અને પરફોર્મન્સમાં શિલ્પા તન્નાને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. શિક્ષક પરિવારમાંથી કરણરાજ જેઠાવતને ઈનામ આપવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન શિક્ષકો ચિત્રાબેન, વર્ષાબેન અને કિન્નરીબેન દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતિથિ તરીકે રશ્મિતાબેન ક્રિશ્ચિયન અને વિલ્મથ ક્રિશ્ચિયન ઉપસ્થિત રહ્યા હતા.

શિક્ષિકા સ્નેહાબેન દ્વારા ઉદ્‌ઘોષકની કામગીરી બજાવવામાં આવી હતી. આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન અને મહાનુભાવોના હસ્તે વિજેતાઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

# ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ખાતે ગરબા કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

ઓમ લેન્ડમાર્ક સ્કૂલ, ચિલોડા ખાતે ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે મળીને ગરબે ઘૂમ્યા હતા.

ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈ આ ઉજવણીમાં સામેલ થયાં હતાં.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)



## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
પ્યાર કા પંચનામા-૨
૧૦.૪૫, ૧.૪૫, ૪.૪૦, ૭.૩૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
પ્યાર કા પંચનામા
૯.૩૦, ૩.૩૦, ૯.૩૦
સિઘ ઈઝ બ્લિંગ
૧૨.૨૫, ૬.૩૦
જઝ્બા
૬.૩૦

**સ્ક્રીન-૩**
તલવાર
૧૦.૩૦, ૪.૦૦, ૯.૩૦
વેડિંગ પુલાવ
૧.૨૦, ૬.૫૦

**સ્ક્રીન-૪**
ગુજ્જુભાઈ ધી ગ્રેટ
૧૦.૪૫, ૪.૩૦, ૧૦.૩૦
જઝ્બા
૧.૪૫
બાંકે કી ક્રેઝી બારાત
૭.૩૦

## કુંદનબેનના પુસ્તકનું લોકાર્પણ રવિવારે

ગાંધીનગર, તા. ૨૦

સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, ગાંધીનગરનાં નિવૃત્ત શિક્ષિકા કુંદનબેન દવેના પુસ્તક 'આસ્વાદ'નું વિમોચન રવિવારે ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યું છે.

ભગવદ્ ગીતા એ જીવમાત્રનું સર્વોત્તમ અમૃત છે. મારા, તમારા અને સૌના જીવનનો અર્થ અને અર્ક. શ્રીમદ્ ભગવદ ગીતાનો બોધ ઉર્દૂના સુપ્રસિદ્ધ સાયર અનવર જલાલપુરીએ 'ઉર્દૂ શાયરી મેં ગીતા' ગ્રંથમાં સુંદર રીતે પ્રસ્તુત કર્યો છે. કુમુદબેન દ્વારા આ અદ્‌ભૂત રચનાનો ગુજરાતીમાં પદ્યાનુવાદ કરવામાં આવ્યો છે.

તા. ૨૫ ઑક્ટોબર ને રવિવારે સવારે ૯.૩૦ કલાકે હૉટલ ફોર્ચ્યુન ઈન હવેલી, સેક્ટર-૧૧ ખાતે આ પુસ્તકનું લોકાર્પણ કરવામાં આવશે.

ધોળેશ્વર મહાદેવના મહંતશ્રીના હસ્તે આ પુસ્તકનું લોકાર્પણ કરવામાં આવશે અને ઉર્દુ શાયર અનવર જલાલપુરી આ પ્રસંગે અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહેશે.

# આ ઘોર કળિયુગમાં સૌ સાચાં સંતાન બનીએ

એકવાર યક્ષરાજાએ યુધિષ્ઠિરને પ્રશ્ન કર્યો કે સંસારમાં પૃથ્વીથી ભારે અને આકાશથી ઉંચું કોણ ? ત્યારે યુધિષ્ઠિરની આંખોમાં આંસુ આવી ગયા. ભાવવિભોર થઈ યુધિષ્ઠિરે જવાબ આપ્યો કે, હે યક્ષ ! ધરતીથી ભારે છે માતાની મમતા અને આકાશથી ઉંચા છે પિતાના પુત્ર માટેનાં અરમાન !

આપણે સૌ જાણીએ છીએ કે આપણાં ઘડતરમાં સૌથી મોટી ભૂમિકા આપણાં માબાપ ભજવે છે. આપણી આંગળી પકડીને આપણને ચાલતાં શીખવનાર કે જિંદગીના રસ્તા પર આપણને દોડતા શીખવનાર માબાપ જ્યારે ઘરડાં થશે ત્યારે એમની લાકડી આપણે પકડવાના ખરા ? પિતા કરકસર કરીને, એમના મોજશોખ અને ઈચ્છાઓને દફનાવીને આપણું ભવિષ્ય બનાવે પણ આપણે એમને શું આપવાના ? વૃધ્ધાશ્રમ ?

આજે મંદિરો, સ્કૂલ્સ કરતાં વૃધ્ધાશ્રમ વધારે બનતા જાય છે, તેનું કારણ શું ? આજના ભણતરમાં નથી ગણતર કે નથી ઘડતર. આજે સ્કૂલ-કૉલેજમાં જે શિક્ષણ આપવામાં આવી રહ્યું છે તેમાં માનવીય નિષ્ઠા અને પરિવારભાવનાનો સદંતર અભાવ જોવા મળી રહ્યો છે. આજે રામાયણ, ગીતા, કુરાન, ગુરુ ગ્રંથસાહેબ વિશે વિદ્યાર્થીઓ શું અને કેટલું જાણે છે ? સંસ્કૃતિ, સંસ્કાર અને નમ્રતાના ગુણો આજના યુવામાં કેટલા છે ? અને આજના શિક્ષકો એમને શું ભણાવે છે ? એ બધું આપણે સારી રીતે જાણીએ છીએ.

એક કિસ્સો યાદ આવે છે. સ્કૂલમાં નિરીક્ષણ માટે બહારથી ઈન્સ્પેક્ટર આવ્યા હતા. શિક્ષકે બાળકોને પ્રશ્ન પૂછ્યો, 'અક્કલ મોટી કે ભેંસ ?' વિદ્યાર્થીઓએ સામે સવાલ કર્યો, 'તમે અક્કલ અને ભેંસનો બાયોડેટા અમને ક્યાં આપ્યો છે તે અમે નક્કી કરી શકીએ કે બેમાંથી મોટું કોણ ?' નિરીક્ષકે શિક્ષકને ખખડાવ્યા, 'આમાં ભૂલ તમારી જ છે. તમારે બાળકોને બાયોડેટા આપવા જોઈએ !'

આમાં ભણતર ક્યાં આવ્યું ને ગણતર ક્યાં આવ્યું ?

પહેલાં એવું હતું કે પુરુષ સવારે ઘરેથી કામ-ધંધા પર જવા નીકળે ત્યારે માબાપને પગે લાગીને જતો હતો, એનાથી એનો આખોય દિવસ સારી રીતે પસાર થઈ જાય છે એવું એ માનતો હતો. પોતાના કામમાં એને સફળતા આ કારણે મળતી હતી એવું એ સમજતો હતો. પણ હવે તો માબાપ જ ઘરમાં રહ્યાં નહીં, પગે લાગવાની વાત તો દૂરની થઈ ગઈ.

જેણે જેણે પોતાના માબાપની સેવા કરી છે, એમની આંતરડી ઠારી છે એ લોકો પોતાની કારકિર્દીના શિખર પર બેઠા છે અને સુખ-સમૃદ્ધિ વધુ પામ્યા છે. કારણ કે માબાપની ઠરેલી આંતરડીમાંથી જે આશિષ નીકળે છે એ સંતાનનું હંમેશા કલ્યાણ જ કરે છે.

માબાપે તમને મોટા કરવા માટે ઘણા કષ્ટો વેઠ્યા છે, ઘણા દુખ સહન કર્યા છે એ યાદ રાખીને એમના ઘડપણમાં તમે એમના માટે સહારો આપનારી લાકડી બનજો, હાંકી કાઢનારી લાઠી નહીં.

આજે માબાપને વૃધ્ધાશ્રમમાં મોકલનારે આવતીકાલનો વિચાર અચૂક કરવો. આપણે આજે જેવું વાવીશું એવું જ આવતીકાલે લણીશું. ખેતરમાં સારાં બી નાંખીશું તો જ સારો પાક મળવાનો.

અને સંસ્કૃતિના પાયા ઘરમાં જ નંખાય છે. સંતોએ કહ્યું છે, શ્રીમંત દીકરો પણ જો માબાપનો અનાદર કરતો હોય તો સંસારમાં તેના જેવો બીજો કોઈ રંક નથી. આપણે જે સ્થિતિમાં આજે માબાપને રાખવાના તે જ સ્થિતિમાં આપણને આપણાં બાળકો રાખવાનાં. એ બાબતની તૈયારી આપણે રાખવી પડશે.

જે મનુષ્ય માબાપની સેવા કરે છે તેને ઈશ્વર મદદ કરે છે. માબાપ ઈશ્વરનું રૂપ છે. માબાપની સેવા એ સંસારની સૌથી મોટી પૂજા છે. માબાપે આપેલા સંસ્કારોને દીપાવે તે દીકરા, બાકી બધા ઠીકરા.

માબાપ એ બાળકનું માત્ર સર્જન જ નહીં, સંસ્કારસિંચન અને ઘડતર પણ કરે છે, બાળકોએ એમનું નામ રોશન કરવાના પ્રયત્નો કરવા જોઈએ, નહીં કે એમને નામોશી અપાવવાના.

યાદ રાખો, ઘર મોટું હોવાથી ભેગા નથી રહેવાતું, મન મોટાં હોય તો ભેગાં રહેવાય છે. અને આપણાં માબાપે આપણને નાનું મન રાખવાનું ક્યારેય નથી શીખવ્યું. કોઈ મહાપુરૂષે કહ્યું છે, જે દિવસે માબાપ દીકરા સામે રડે છે, તે દિવસે દીકરાની પ્રતિષ્ઠા અને સત્કાર્યો માબાપનાં આંસુઓમાં વહી જાય છે.

જગતજનની મા દુર્ગા આપણને સંસ્કારો ઉજાગર કરવાની શક્તિ આપે અને માબાપને આજીવન સાચવી શકીએ એવું મોટું મન આપે એ જ પ્રાર્થના.

**- હાર્દિક જે સોરઠિયા**



# શિવપુરા કંપા પ્રાથમિક શાળાનો સુવર્ણજયંતિ સમારોહ યોજાયો



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર, તા. ૨૦

તાલુકામાં કાર્યરત શિવપુરા કંપા પ્રાથમિક શાળાની સ્થાપનાની સુવર્ણજયંતિની ઉજવણી પ્રસંગે શાળાના સ્થાપક લાલજીભાઈ માવજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને એક વિશેષ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાની બાળાઓએ પ્રાર્થના સાથે સ્વાગત ગીત રજૂ કરી મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. શાળાના આચાર્ય જશુભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. સુવર્ણજયંતિની ઉજવણી અંતર્ગત શાળાના સ્થાપક તથા એસએમસીના અધ્યક્ષ લાલજીભાઈ પટેલને પ્રગતિશીલ ખેડૂત શાંતુભાઈ પટેલે શાલ ઓઢાડીને સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે શાળાની ૧૯૬૫માં કાર્યરત પ્રથમ બૅચના ૧૮ વિદ્યાર્થીઓને પણ પુસ્તકો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળા સાથે કાર્ય કરી ચૂકેલા મહાનુભાવોએ આ પ્રસંગે પોતાનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં. શિક્ષિકા અસ્મિતાબેન પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.